# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા યોજાયેલ પોલીસ ઇન્સ્પેક્ટર (બિન હથિયારધારી), વર્ગ-૨ (જા.ક્ર.:૩૮/૨૦૧૭-૧૮) ની તા.૦૫/૦૨/૨૦૧૮ થી તા.૧૦/૦૨/૨૦૧૮ દરમ્યાન યોજાનાર શારીરિક ક્ષમતા કસોટી અને શારીરિક માપ કસોટી **(PET/PST)** માટે પાત્ર ઉમેદવારોને તા.૨૫-૦૧-૨૦૧૮ ના રોજ ૧૩-૦૦ કલાક થી તા.૦૪-૦૨-૨૦૧૮ ના રોજ ૧૮-૧૦ કલાક સુધી પ્રવેશપત્રો ડાઉનલોડ કરવા અંગે તા.૧૫/૦૧/૨૦૧૮ ના રોજ અગત્યની જાહેરાત આપવામાં આવેલ હતી. તેમ છતાં આ બાબતે અમલવારી કરવામાં કેટલાંક ઉમેદવારો નિષ્ફળ રહેલ અને તે પરત્વે આયોગને મળેલ રજૂઆત પરત્વે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરતા જે ઉમેદવારોએ ઉપરોક્ત નિયત સમય મર્યાદામાં પ્રવેશપત્રો ડાઉનલોડ કરેલ નથી તેવા ઉમેદવારોને આયોગ દ્વારા પ્રવેશપત્રો ડાઉનલોડ કરવા માટે તા.૧૦/૦૨/૨૦૧૮ ના રોજ સવારે ૦૩:૦૦ કલાક સુધીનો સમય આપવામાં આવે છે. જે ઉમેદવારોના પ્રવેશપત્રમાં તા.૦૫/૦૨/૨૦૧૮ ના રોજનો સમય આવેલ છે અને પ્રવેશપત્ર ડાઉનલોડ ન કરી શકવાને પરિણામે ઉપર્યુક્ત કસોટીમાં ઉપસ્થિત રહી શકેલ નથી તેવા ઉમેદવારોએ તા.૧૦/૦૨/૨૦૧૮ ના રોજ કસોટીમાં ઉપસ્થિત રહેવાનું રહેશે. અન્ય ઉમેદવારોએ પ્રવેશપત્રમાં દર્શાવેલ તારીખે જ આ કસોટીમાં ઉપસ્થિત રહેવાનું રહેશે. ઉમેદવારોની પાછળથી કોઇપણ રજૂઆત ધ્યાનમાં લેવામાં આવશે નહીં તથા હવે અસાધારણ કિસ્સામાં તક આપવામાં આવેલ છે તેથી તમામને સૂચિત કરવામાં આવે છે કે હવે નિયત સમયમર્યાદામાં કોલલેટર ડાઉનલોડ કરી પ્રિન્ટ નકલ કાઢવા બાબતે કોઇ ઉમેદવાર નિષ્કાળજી રાખશે તો પણ હવે પછી કોઇપણ સંજોગોમાં કોલલેટર વિના **PET-PST** માં પ્રવેશ આપવામાં આવશે નહીં.

તા.૦૫/૦૨/૨૦૧૮